આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને પુરા પડાતા તૈયાર ભોજનના કોન્ટ્રાક્ટ માટેના ભાવો સુધારવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2022/0036/G
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૮/૦૨/૨૦૨૬

વંચાણે લીધા :

(૧) વિભાગનો પત્ર ક્રમાંક: સકછ/૧૦૨૦૧૯/૪૨૮/ગ, તા.૧૧/૦૬/૨૦૨૧

(૨) વિભાગનો પત્ર ક્રમાંક: પરચ/૧૨૨૦૨૧/ ૪૮૩/ અ-૧, તા.૩૦/૦૬/૨૦૨૧

(૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો પત્ર ક્રમાંક: DSCWG/0040/12/2025, તા.૧૦/૧૨/૨૦૨૫

(૪) નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ કચેરીનો પત્ર ક્રમાંક: DDCW/0183/11/2025, તા.૨૭/૧૧/૨૦૨૫

આમુખ :

આ વિભાગના વંચાણે લીધેલા ક્રમ-(૧) પરના તા.૧૧/૦૬/૨૦૨૧ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની તમામ આદર્શ નિવાસી શાળાઓ તેમજ તમામ સરકારી છાત્રાલયો માટે તથા વંચાણે લીધેલા ક્રમ-(૨) પરના તા.૩૦/૦૬/૨૦૨૧ના પત્રથી વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની તમામ આદર્શ નિવાસી શાળાઓ તેમજ તમામ સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે વિદ્યાર્થીદીઠ પ્રતિમાસ દૈનિક ધોરણે બે ટંકનું તૈયાર ભોજન તેમજ નાસ્તો પુરા પાડવા માટેના ભોજન કોન્ટ્રાકટના લઘુત્તમ ભાવ રૂ.૨૩૧૦/- અને મહત્તમ ભાવ રૂ.૨૭૭૨/- નક્કી કરવામાં આવેલ હતા.

સદર ભાવમાં છેલ્લા ચાર વર્ષથી કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. આથી નક્કી થયેલા ભાવમાં પ્રવર્તમાન મોંઘવારી, ખાદ્યસામગ્રીની બજારકિંમતમાં થયેલ વધારો તેમજ વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર મળતો રહે તે હેતુથી અદ્યતન ભાવ લાગુ કરવા માટે વંચાણે લીધેલા ક્રમ-(૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૦/૧૨/૨૦૨૫ના પત્રથી તેમજ વંચાણે લીધેલા ક્રમ-(૪) પરના નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના તા.૨૭/૧૧/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતિ જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની તમામ આદર્શ નિવાસી શાળાઓ તેમજ તમામ સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ

માટે વિદ્યાર્થી/વિદ્યાર્થીની દીઠ પ્રતિમાસ દૈનિક ધોરણે બે ટંકનું તૈયાર ભોજન તેમજ નાસ્તો પુરા પાડવા માટેના ભોજન કોન્ટ્રાકટના ભાવમાં વધારો કરીને, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સંખ્યાને અનુરૂપ નીચે મુજબના લઘુત્તમ ભાવ અને મહત્તમ ભાવ લાગુ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંસ્થા દીઠ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સંખ્યા | લઘુત્તમ ભાવ પ્રતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીની (માસિક) રૂ. | મહત્તમ ભાવ પ્રતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીની (માસિક) રૂ. |
|---|---|---|---|
| ૧ | ૧૫૦થી વધુ સંખ્યા ધરાવતી સંસ્થા માટે | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ૨ | ૧૦૧થી ૧૫૦ સંખ્યા ધરાવતી સંસ્થા માટે | ૨૭૦૦ | ૩૨૦૦ |
| ૩ | ૫૧થી ૧૦૦ સંખ્યા ધરાવતી સંસ્થા માટે | ૩૨૦૦ | ૩૫૦૦ |
| ૪ | ૫૦ કે તેથી ઓછી સંખ્યા ધરાવતી સંસ્થા માટે | ૩૫૦૦ | ૪૦૦૦ |

૩. આ અંગે અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ સંબંધિત ખર્ચ ૯૫ ૨૨૨૫ ૦૧ ૨૭૭ ૧૭ SCW-8 હેઠે તેમજ વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ સંબંધિત ખર્ચ ૯૨ ૨૨૨૫ ૦૩ ૨૭૭ ૧૫ OBC-6 હેઠે ઉધારવાનો રહેશે.

૪. સદરહુ સુધારેલ ભાવ આ ઠરાવ થયાની તારીખથી અમલમાં આવેલ ગણાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ–ફાઈલ પર સરકારશ્રીની તા.૦૯/૦૨/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના :**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧ , સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૨ , સચિવાલય, ગાંધીનગર
(૩) રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી(સા.ન્યા.)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
(૪) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, અ.જા.ક., બ્લોક નં 4, 2જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) નિયામકશ્રી, વિ.જા.ક., બ્લોક નં 4, 3જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નિયામકશ્રી, અ.જા.ક. કચેરી હસ્તકની તમામ સંબંધિત જિલ્લા કચેરીઓ(નિયામકશ્રી, અ.જા.ક. કચેરી મારફત)

(૮) નિયામકશ્રી, વિ.જા.ક. કચેરી હસ્તકની તમામ સંબંધિત જિલ્લા કચેરીઓ (નિયામકશ્રી, વિ.જા.ક.કચેરી મારફત)

(૯) સે.અ.શ્રી, અ–૧ શાખા, સા.ન્યા., સચિવાલય, ગાંધીનગર

(૧૦) સે.અ.શ્રી., કો. સેલ તરફ સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સાથે.

(૧૧) શાખા સિલેક્ટ ફાઈલ – ૨૦૨૬